# ભારત-ચાઈનાના એન્જિનિયર્સ ચર્ચા કરશે સેફ્ટી અને હેલ્થ પર

## IIT-Gn ખાતે 7થી 9 ઓક્ટોબર દરમિયાન કોન્ક્લેવનું આયોજન

**TODAY'S EVENT**

સિટી રિપોર્ટર • ભારત અને ચાઈનાનાં જાણીતા યંગ એન્જિનિયર્સ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી ગાંધીનગરમાં ટેકનિકલ કામકાજ અને એન્જિનિયરિંગ ક્ષેત્રેનાં રિસર્ચ અને ગ્લોબલ મહત્વની ચર્ચા કરવા માટે ત્રણ દિવસની કોન્ક્લેવનું 7થી 9 ઓક્ટોબર દરમિયાન આયોજન કરવામાં આવ્યું છે. આ ગેધરિંગ ઈન્ડો-ચાઈનીઝ યંગ એન્જિનિયરિંગ લીડર્સની કોન્ક્લેવનો પહેલો ભાગ છે. જેને ઈન્ડિયન એકેડેમી ઓફ એન્જિન્યરિંગ(આઈએનએઈ) અને ચાઈનીસ એકેડેમી ઓફ એન્જિનિયરિંગ(સીએઈ) દ્વારા ફેસિલિટેટ કરવામાં આવ્યું છે.

આ ચર્ચાઓને ચાર થીમ પર કરવામાં આવશે. જેમાં સેફ્ટિ, હેલ્થ કેર ડિવાઈસીસ, બીગ ડેટા અને ક્લિન વોટરનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં ભારતનાં 28 અને ચાઈનાનાં 13 ડેલિગેટ્સ ભાગ લેશે. તેઓ ટેકનિકલ પ્રેઝન્ટેશન્સ, ગ્રુપ ડિસ્કશન્સ, બ્રેઈન સ્ટોરમિંગ સેશન્સ અને ડેવલોપ ઈમ્પોર્ટન્ટ રેકમેન્ડેશન્સ રજૂ કરવામાં આવશે. આ ઉપરાંત 8 ટેકનિકલ સેશન્સ અને પેનલ ડિસ્કશન્સ પણ થશે.

આ વિશે વાત કરતાં આઈઆઈટી-જીએનનાં પ્રોફેસર અને કો-ઓર્ડિનેટર પ્રણબ મોહાપાત્રાએ જણાવ્યું કે 'આ કોન્ક્લેવની થીમ્સનાં વિષયો ભારત અને ચાઈના માટે અત્યંત અગત્યનાં વિષયો છે. આ કાર્યક્રમમાં ચર્ચાતા સેશન્સ રિસર્ચ, પોલિસી મેકર્સ અને અન્યોને જુદા-જુદા સ્તરે મદદ કરશે.